ગાંધીનગર સમાચાર

કુડાસણ, કોબા અને રાંદેસણમાં ઉત્સાહભેર મતદાન

# જિલ્લામાં પંચાયતની ચૂંટણીમાં ૮૦ ટકા મતદાન

## વહેલી સવારથી જ ગ્રામીણ મતદારોમાં ભારે ઉત્સાહ : પ્રથમ બે કલાકમાં જ ૧૭ થી ૨૫ ટકા સુધીનું મતદાન નોંધાયું : મોટા ગામોમાં મતદારોની લાંબી લાઈનને કારણે મોડે સુધી મતદાનની પ્રક્રિયા ચાલી






ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર જિલ્લામાં આજે યોજાયેલ ૧૭૬ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ૮૦ ટકા જેટલું ભારે મતદાન નોંધાતા ચૂંટણીના પરિણામ પર સૌની નજર મંડાયેલી છે. શાંતિપૂર્ણ વાતાવરણમાં મતદાન સંપન્ન થતાં તંત્રએ હાશ અનુભવી છે.

આજે વહેલી સવારથી જ મતદારોએ મતદાન માટે ભારે લાઈનો લગાવી દીધી હતી. ગામમાં જાણે ઉત્સવનો માહોલ હોય તેવું વાતાવરણ ગ્રામ્ય વિસ્તારમાં જોવા મળતું હતું.

જિલ્લામાં મોટા ગામોમાં તો લાઈનો એટલી બધી હતી કે સાંજે પાંચ વાગ્યા સુધી કેમ્પસમાં આવેલા સૌને ટોકન આપી મતદાન કરવા દેવાયું હતું. કોલવડા, કુડાસણ, કોબા, રાંધેજા, લીમ્બડિયા, પ્રાંતિયા, ચિલોડા, ખાનપુર, રખિયાલ, બહિયલ, છાલા, છત્રાલ, કાંઠા સહિતના ગામોમાં મોડે સુધી મતદાન ચાલુ રહ્યું હતું.

જિલ્લામાં આજે સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં થયેલા ભારે મતદાનને પગલે ચૂંટણીના પરિણામમાં ભારે રસાકસી જોવા મળશે તેમ પણ પંચાયત રસિયાઓનું માનવું છે.

સવારે પ્રથમ બે કલાકમાં તો કેટલાક ગામોમાં ૨૫ ટકા તો કેટલાક ગામોમાં ૧૭ ટકા સુધીનું મતદાન નોંધાઈ જવા પામ્યું હતું. મતદારોમાં ઉત્સાહ ભારે જોવા મળતો હતો. કયાંક ઉમેદવારોએ મતદારોને મતદાન મથક સુધી આવવા માટે વાહનની સુવિધા પણ રાખી હતી.

જિલ્લામાં ૨૦૧૧ની તુલનામાં ૩ ટકા જેટલું મતદાન વધારે નોંધાયુ છે. છેલ્લી ચૂંટણીમાં ૭૭ ટકા જેટલું મતદાન નોંધાયુ હતું. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પંચાયતોની ચૂંટણી નવા નિયમો સાથે લડાઈ રહી હોવાથી પણ મતદારોમાં ઉત્સાહ વધારે જોવા મળતો હતો.

મતદારોને મતદાનમાં તંત્રની ધારણા કરતા ત્રણેક મિનિટ જેટલો સરેરાશ સમય વધારે જતો હતો. ચિલોડામાં મતદાન મથકોની સંખ્યા વસ્તીના પ્રમાણમાં ઓછી હોવાથી તેમજ એક જ સંકુલમાં તે હોવાથી મતદારોની લાઈનો સવારથી સાંજ સુધી ભારે લાગેલી જોવા મળી હતી.

આજે મહિલા મતદારોએ પણ ભારે ઉત્સાહ દાખવ્યો હતો એ સૌથી નોંધનીય ઘટના જોવા મળી હતી. મહિલાઓ સવારથી જ લાઈનોમાં ઉભેલી જોવા મળી હતી.

આજે મતદાન દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ બનવા પામ્યો નથી કેટલાક ગામોમાં મતદાન મથકની નજીકમાં કેટલાક સમર્થકો મંજૂરી વગર ઘુસી અને પ્રચાર કરતા હોવાની ફરિયાદો તંત્રને મળી હતી પરંતુ પોલીસ તંત્ર આવી ફરિયાદોમાં તથ્ય નહિ હોવાનું જણાવી રહેલ છે.

જિલ્લામાં શાંતિપૂર્ણ મતદાન સંપન્ન થતા તંત્રએ હાશ અનુભવી છે. જો કે હવે તંત્ર એ સમગ્ર ધ્યાન મત ગણતરી પર કેન્દ્રીત કરેલ છે.



# કુડાસણ, કોબા અને રાંદેસણમાં ઉત્સાહભેર મતદાન

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેર નજીક આવેલ કુડાસણ, કોબા અને રાંદેસણના મતદારોએ આજરોજ ગ્રામપંચાયતની ચુંટણીમાં ઉત્સાહભેર મતદાન કર્યું હતું. ત્રણેય ગામમાં સવારથી જ મતદાન કરવા મતદારોનો ભારે ધસારો જોવા મળ્યો હતો. ભાઈઓ-બહેનોની અલગઅલગ લાંબી લાઈનો જોવા મળી હતી. ત્રણેય ગામમાં બપોર સુધીમાં અંદાજે ૫૦ ટકાથી વધુ મતદાન થઈ જવા પામ્યું હતું. જયારે બાકી રહી ગયેલા મતદારોને બપોર બાદ ઘરમાંથી મતદાન મથકે લાવવા માટે ગાડીઓ દોડાવી હતી. જયારે યુવાનથી માંડીને વયોવૃદ્ધ નાગરીકે પણ મતદાન કરવા ભારે ઉત્સુકતા દર્શાવી હતી. ત્યારે મતદાન મથકે સવારના સમયે નોકરીયાતો વધુ જોવા મળ્યા હતા. જયારે બપોર બાદ મહિલાઓનો ભારે ધસારો રહ્યો હતો. ગામની શેરીઓમાં ઉમેદવારોની મોંઘીદાટ ગાડીઓ મતદારોને લાવવા સવારથી સાંજ સુધી દોડતી હતી. કુડાસણ ખાતે સવારના ગાડીઓનો ખડકલો થઈ જતા એક સમયે પોલીસે ટ્રાફિક વ્યવસ્થા સંભાળીને ટ્રાફિક હળવો કર્યો હતો. જયારે સિનિયર સિટીઝન કે સંતગણને પહેલા મતદાન માટે લઈ જતા નાગરીકો વચ્ચે ચકમકના દ્રશ્યો પણ સર્જાયા હતા. જયારે કુડાસણને બાદ કરતા રાંદેસણ અને કોબા ગામે મતદારોની ભીડ સામાન્ય રહી હતી.ત્રણેય ગામના મતદાર ભાઈ બહેનો માટે મતદાન મથકે પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી. સવારથી જ મતદાન મથકે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે ત્રણેય ગામમાં મતદારોમાં ગામના રહીશો કરતા મોટાભાગના મતદારો સોસાયટીના વધુ હોવાથી સ્વયભું મત આપવા આવી પહોંચ્યા હતા અને અન્ય મતદારોને પણ મતદાન કરવા માટે પ્રોત્સાહીત કર્યા હતા. મળતી માહિતી મુજબ સાંજ સુધીમાં ત્રણેય ગામમાં અંદાજીત ૭૦ ટકાથી વધુ મતદાન થવા પામ્યું હતું.

શ્રદ્ધાંજલિ

સ્વ. ગનીભાઈ કુરેશી
(વાઈસ પ્રેસીડેન્ટ, ગુજરાત અલ્પસંખ્યક નાણાં નિગમ)
ભારતના રાષ્ટ્રપતિ દ્વારા કોમી એકતા એવૉર્ડ (કબીર એવૉર્ડ) સન્માનિત ભાજપના વરિષ્ઠ મુસ્લિમ અગ્રણી શ્રી ગનીભાઈ કુરેશી (વડોદરા)નું તા. ૧૬/૧૨/૨૦૧૬ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. અલ્લાતાલ્લા તેમને જન્નતનશીત કરે એવી દુઆ....
લિ.
આઝાદભાઈ મનસુરી
(ડાયરેક્ટર, એન.કે. સ્કુલ, એન.જી. કોમર્સ કોલેજ) સેક્ટર-૨૮, ગાંધીનગર
હુસેનભાઈ (ભુરાભાઈ) મનસુરી
(કન્વીનર, ભાજપ લઘુમતિ મોરચો, ગાંધીનગર)
(ઉપપ્રમુખ, સેક્ટર-૨૧, શાકમાર્કેટ વેપારી એસોસીએશન)
જિતેન્દ્રસિંહ વાઘેલા
(પ્રમુખ, માઈક્રો શોપીંગ શોપ્સ એસો., સેક્ટર-૨૮)

## મતદાનની સાથે સાથે

- મતદારોએ વહેલી સવારથી જ મતદાન મથક પર લાઈન લગાવી દીધી હતી.
- છાલાના મહાદેવપુરાની પ્રાથમિક શાળા ખાતે ૮૫ વર્ષની જૈફ વય ધરાવતા અને આંખે દેખી નહિ શકતા મણિબેન જોઈતારામ ચૌધરી મતદાન કરવા તેમના પૌત્ર સાથે આવી પહોંચ્યા હતા.
- દશેલામાં મહિલા સરપંચના ઉમેદવાર સતત લોક સપંર્ક કરતા નજરે પડયા હતા અને ૧૧ વાગે થાકીને મતદાન મથક નજીક ખુરશીમાં બેસી મતદારોનો સંપર્ક કરતા નજરે પડયા હતા.
- ૧૦૩ વર્ષના માજી સૂરજબેન ચૌધરી ખાટલામાં મતદાન માટે આવ્યા હતા તો નાગજીભાઈ દેસાઈ પણ ૭૫ વર્ષના અપંગ હોવાથી ખાટલામાં દશેલા ખાતે મતદાન કરવા આવી પહોંચ્યા હતા.
- બાયડના ધારાસભ્ય શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા તેમના વતન વાસન ખાતે ૧૧ વાગે મતદાન માટે ગયા હતા.



- જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ શ્રીમતી હીનાબેન પટેલ પણ કુડાસણ ખાતે ૧૦.૪૦ કલાકે મતદાન કરવા કુડાસણ પહોંચ્યા હતા.
- ભાજપના અગ્રણી નવિન પટેલ (બાપુ)એ કાંઠા ખાતે મતદાન કર્યું હતું.
- જિલ્લા ભાજપના મહામંત્રી હિતેન્દ્ર પટેલે રાયપુર ખાતે સવારે ૮.૧૫ કલાકે મતદાન કર્યું હતું.
- માન્ય પુરાવા સિવાય મતદાન કરવા દેવાની ફરિયાદ રાયપુર ગામમાં ઉઠતાં થોડીક ક્ષણ માટે ઘર્ષણનું વાતાવરણ ઉભું થયું હતું પરંતુ તંત્રની દરમિયાનગીરી બાદ વાતાવરણ હળવું થયું હતું.
- મતદાન માટે મોટી લાઈનો અને ધીમી ગતિને કારણે જિલ્લામાં મોટા ગામોમાં મોડે સુધી મતદાન ચાલ્યું હતું.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

કેપિટલ ઓફસેટ®
www.capitaloffset.in
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com